# <u>મોરબીના મહે. એડી. ચીફ જયુડીશીયલ મેજી. સાહેબશ્રીની કોર્ટ માં, મુકામ – મોરબી</u>

**ફોજદારી કેસ નં. ૮૪૭૫/૨૦૨૨**
**આંક : ૦૫**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : મુસ્તાકભાઈ હનીફભાઈ ગાલબ**
**રહે.ખાટકીવાસ,મોરબી.**

**<u>:: ચુકાદો::</u>**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં આઈ.પી.સી. કલમ – ૨૮૩ મુજબ ત.ક.અમલદારે ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે ગરીબ અને મજુર વર્ગના માણસ છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવું સમજાવવામાં આવેલ છે તેમ છતાં સ્વૈછીક રીતે ગુનો કબુલ કરવા માંગે છે.

(૩) આરોપી સામે આઈ.પી.સી. કલમ – ૨૮૩ અન્વયે ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ઘ્યાને લેતાં આરોપી નાની ઉમરના, ગરીબ અને મજુર વર્ગના જણાય આવે છે. આરોપી કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને બાળબચ્ચાની જવાબદારી છે. ગરીબ સ્થિતી ને લીધે બચાવ કરવા સક્ષમ નથી. આ ઉપરાંત ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરેલ છે. અને ભવિષ્યમાં ગુનો નહિં કરવાની ખાત્રી આપે છે. જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન, મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. આ ઉપરાંત નામ. ગુજરાત વડી અદાલતના **૨૦૦૫(૧) જી.એલ.એચ પાનાનં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરસિંહ હરીચંન્દ્ર ઠાકોરનાં** કેસમાં ડીવીઝન બેન્ચે એવો સિઘ્ધાં ત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં ઓછામાં ઓછી સજા

અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોકત ચુકાદામાં પાના નં. ૭૨૧ પર પેરા ૨૧ માં જણાવેલ છે કારણો તેમજ સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ઘ્યાને લેતાં, સદર ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થાય છે. આરોપીની સ્થિતી અને સંજોગોને ઘ્યાને લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે જેથી સજા અંગે સાંભળયા બાદ ન્યાયનાહિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**—:: હુકમ ::—**

આ કામના આરોપીને ક્રિમી. પ્રો. કોડની કલમ – ૨૫૨ નાં પ્રબંધો અન્વયે આઈ.પી.સી. કલમ – ૨૮૩ નાં ગુનામાં તકસીરવાર ઠરાવી રૂ.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૧ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૧૨/૨૦૨૨

મોરબી

(વી.કે.સોલંકી)

એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

મોરબી

**(GJ01099)**